સોગંદ આપ્યા.....

**<u>સામાવાળા નં.૧ તર્ફે હર્ષદીપ.કે.આચાર્યની આંક–૨૭ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એન.આર.પટેલ</u>**

(૧) હું હાલ જમીન સંપાદન અને પ્રાંત અધીકારી તરીકે ધ્રાગંધ્રા મુકામે તારીખ ૭/૧૧/૨૦૨૩થી ફરજ બજાવું છું. એ વાત ખરી છે કે, હાલના કેસનો જમીન સંપાદનનો એવોર્ડ મેં જાતે બનાવેલ નથી. એ વાત ખરી છે કે, તેથી મને આ એવોર્ડની જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, હું રેકર્ડ આધારીત જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, મેં જે સંપાદીત કરેલ છે તેનું સ્થળ ઉપર જાતનીરીક્ષણ કરેલ નથી કે તે જમીન જોયેલ નથી. એ વાત ખરી છે કે, સંપાદીત થયેલ જમીન મેં જોયેલ ન હોય જેથી તે જમીન પિયત છે કે બિનપિયત છે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે ખેતીની જમીન કરતા બીનખેતીની જમીનની કિંમત વધારે હોય. એ વાત ખરી છે કે મારી સરતપાસના સોગંદનામામાં પેરા–૫ માં દર્શાવેલ વિગતો વાળા વેચાણ દસ્તાવેજોની વિગતો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે કલમ–૧૧(૧) ના એવોર્ડમાં જણાવેલ પાંચ સાલી વેચાણ આંકડા અંગેનો કોઈપણ દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે હળવદ તાલુકાનુ ઘણાદ ગામ અને રણમલપુર ગામ એક સીમાડાના ગામ છે. એ વાત ખરી છે કે મને કલમ–૧૧(૧)નો એવોર્ડ બતાવવામા આવે છે તે અમારી કચેરી તરફથી જે તે સમયે મારા પુરોગામી જમીન સંપાદન અધિકારીશ્રીએ કરેલ છે તે જ છે. જે તે સમયે રેફરન્સ દાખલ કરતી વખતે અરજદારે રજુ રાખેલ એવોર્ડની સર્ટીફાઈડ કોપી રજુ દાખલ **આંક–૨૮.** એ વાત ખરી નથી કે અરજદારને વધુ વળતર ચુકવવું ન પડે તે માટે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૧૧/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧